નં.શિક્ષ/ચુંટણી/SVAP/વશી/૦૨/૨૧

નોડલ અધિકારી SVAP
વ
નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ અમરેલી
તા.૧૧-૦૨-૨૦૨૧
amrelisveep@gmail.com

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 1075
શાખાનું નામ: યોજના
તારીખ: ૧૫/૨/૨૧
સહી:

પ્રતિ,

(૧) આચાર્યશ્રી (સરકારી,ગ્રાન્ટેડ,નોનગ્રાન્ટેડ)

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ

જિલ્લો :- અમરેલી

વિષય:::- સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી-૨૦૨૧ મતદાર જાગૃતિ અભિયાન અંગેની પ્રવૃતિ બાબત.

સંદર્ભ:::-(૧) સચિવશ્રી ચુંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: રાચઆ/ચટણ/સ્થા/સ્વ/મ.જા.અભિયાન /૨૦૨૦/૨૨૩૯૯ થી ૨૨૪૩૩ તા.૩૦/૧૨/૨૦૨૦

(૨)માન. જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અમરેલીના પત્ર નં.ચટણ-સ્થા.સ્વ.-વશી-૧૫૦૪-૨૦૨૧ તા.૦૮/૦૨/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચુટણી-૨૦૨૦માં સંદર્ભે મતદારોને પ્રોત્સાહિત/પ્રશિક્ષિત કરવા અને મતદારો મતદાન કરવા પ્રેરાય અને કાયદા/નિયમોની જોગવાઇઓ સાથે ચુંટણી પ્રક્રિયા અંગે સમજાણ મેળવે તે હેતુથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચુંટણી-૨૦૨૦માં મતદાર જાગૃતિ અભિયાન State Voters Awareness Programme (SVAP) હાથ ધરવાનું રહે છે.

આમ, ઉક્ત વિગતે સંદર્ભ -૧ના પત્રમાં જણાવેલ વિગતે અને સંદર્ભ-૨ના પત્રથી મળેલ સુચના મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત મુજબ કાર્યક્રમો યોજી તેનો વિગતવાર અહેવાલ મોકલી આપવા સુચના મળેલ છે. જે મુજબ તાલુકા/ગામ/કોલેજ કક્ષાએ /જાહેર-ધાર્મિક સ્થળો તથા શાળા કક્ષાએ મતદાર જાગૃતિ અભિયાન માટેના જુદા-જુદા કાર્યક્રમો યોજી મતદાતા જાગૃતિ લાવવા માટે પ્રયાસ કરવા સારૂ આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ મુજબના તારીખવાર સમયસારણી મુજબ તાલુકાવાર જુદા-જુદા સ્થળોએ નીચે મુજબની Covid-19 ની સુચનાનું ચુસ્ત પણે પાલન કરી કાર્યક્રમ યોજવાનો રહેશે.

Covid-19 અંતર્ગત ખાસ સુચના:::-

- પ્રવર્તમાન સમયમાં Covid-19 પેન્ડમિકની પરિસ્થિતિમાં પ્રવર્તિત સંજોગોને ધાનમાં લઇ લોકો સમુહમાં એકઠા ન થાય અને સોશિયલ ડીસ્ટનીંગ જળવાય તે રીતે કાર્યક્રમ યોજવાના રહેશે.
- સદર કાર્યક્રમ માં ઉપસ્થિત રહેનાર તમામને માસ્ક અવશ્ય પહેરવાનું રહેશે. તથા શકય હોય ત્યાં સુધી સેનેટાઇઝર સાથે રાખી તેનો સમયાંતરે ઉપયોગ કરવાનો રહેશે.
- સોશિયલ ડીસ્ટન્સ ફરજિયાત પણે જાળવવાનું રહેશે.

E:\dpeo Office for..docx

Scanned with CamScanner

- ભારત સરકાર અને રાજ્ય સરકારશ્રીની કોરોના મહામારી સંદર્ભની તમામ સુચનાઓનુ પાલન કરવાનું રહેશે. અને તે સુચનાઓનું ઉલ્લંઘન થશે તેવા કિસ્સામાં સંબંધિત સામે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ જવાબદારી નક્કી કરી તેઓ સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામને જાણ કરવાનું રાખશો.

આ સાથે સામેલ આયોજન મુજબની પ્રવૃતિ કરી સમગ્ર ચુંટણી પ્રક્રિયા દરમ્યાન આપના દ્વારા કરવામાં આવેલ પ્રવૃતિઓનો સમગ્ર અહેવાલનું યોગ્ય ડોક્યુમેન્ટેશન કરવાનું રહેશે તેમજ દરરોજની પ્રવૃતિઓના ફોટોગ્રાફ્સ પણ ગૃપમાં મુકવાના રહેશે.

નોડલ અધિકારી (SVAP)

(એમ.જી.પ્રજાપતિ)

---

પર.નં. 673

ક્રમાંક:યજના/ચુંટણી/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી
તા.૧૫/૦૨/૨૦૨૧

ઉપરોકત પરીપત્રની જાણ તથા કાર્યવાહી સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા.શાળા તમામ,(સરકારી,ગ્રાન્ટેડ,નોન ગ્રાન્ટેડ)
જિ.અમરેલી

---

- નીચે મુજબનું આયોજન કરવા સારૂ

STATE VOTER 'S AWARNESS PROGRAMME-2021

SVAP અંતર્ગત કરવાની પ્રવૃતિઓનું આયોજન

| ક્રમ | પ્રવૃતિ નામ | તારીખ | લક્ષ્યાંક | આયોજનની ટુંકી વિગત |
|---|---|---|---|---|
| ૧ | પ્રભાત ફેરી | ૧૨/૦૨/૨૦૨૧ | તમામ મતદાર | તમામ શાળાઓ માટે |
| ૨ | ચિત્ર સ્પર્ધા | ૧૫/૦૨/૨૦૨૧ | તમામ મતદાર | તમામ શાળાઓ માટે |
| 3 | પોસ્ટર મેકિંગ સ્પર્ધા | ૧૬/૦૨/૨૦૨૧ | તમામ મતદાર | તમામ શાળાઓ માટે |
| ૪ | સાઇકલ રેલી | ૧૭/૦૨/૨૦૨૧ | તમામ મતદાર | તમામ શાળાઓ માટે |
| ૫ | મતદાર સુત્રો | ૧૮/૦૨/૨૦૨૧ | તમામ મતદાર | તમામ શાળાઓ માટે |



Scanned with CamScanner